વર્ષ ૪૨, ઓગસ્ટ-૨૦૧૧, અંક-૮, આજીવન લવાજમ રૂા. ૨૦૦/-

સંસ્કાર દીપ

પ.પૂ.ગુરુવર્ય શાસ્ત્રીજી
મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી
તથા
વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય
સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી

: આશીર્વાદ :
અખંડ ભગવદ્ પરાયણ પ.પૂ. શ્રી જોગી સ્વામી
: અધ્યક્ષ :
પ.પૂ. સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી
: પ્રેરણા :
પ.પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
મુદ્રક : સુર્યા ઓફસેટ, આંબલી, અમદાવાદ-૫૮

: તંત્રી :
શ્રી લક્ષ્મણભાઈ આદ્રોજા
: સંપાદક :
શાસ્ત્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
: કલા સંયોજન :
ગોવિંદ જી. બાંટવા

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
વિદ્યાર્થી સંઘ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ,
મેમનગર, અમદાવાદ - ૩૮૦ ૦૫૨
સંપર્ક : (૦૭૯) ૨૭૯૧૨૫૯૧
૯૮૨૫૨૧૦૦૩૮, ૯૮૨૫૩૧૫૦૩૦
www.swaminarayangurukul.org
E-mail :sgvpgurukul@gmail.com

મનની શાંતિ

- શાસ્ત્રી મુનિવત્સલદાસ

એક ભીખારીએ આખી જીંદગી ભીખ માગી અને જ્યારે તેનું મૃત્યુ થયું ત્યારે નગરના લોકોએ તે ભીખારીને દફનાવવા માટે તેની ઝૂપડી ખસેડીને ત્યાં જ ખાડો કર્યો, તે ખાડામાંથી સુવર્ણનો ખજાનો નીકળ્યો. જે મેળવવા માટે ભીખારીએ આજીવન ભીખ માગી તે ધન તો તેની ઝૂપડી નીચે જ હતું પણ તેનો ભીખારીને ખ્યાલ ન હતો. આ ભીખારીની વાત સાંભળીને આપણને સૌ કોઇને હસવું આવે છે પરંતુ આ વાત માત્ર એક ભીખારીની જ નહિ પરંતુ આપણા સૌ કોઇની છે. મનુષ્ય ઘણી વખત જે વસ્તુની શોધ બહારની દુનિયામાં કરતો હોય છે તે વસ્તુ તેની પાસે જ હોય છે પરંતુ તેનો તેને ખ્યાલ નથી આવતો. એવી જ એક બાબત છે **મનની શાંતિ.** સંપૂર્ણ વિશ્વમાં દરેક મનુષ્યની એક જ માંગ છે, મનની શાંતિ. પરંતુ ઘણા લોકો તે શાંતિ કોઇ વ્યક્તિ કે વસ્તુ પાસેથી પ્રાપ્ત થશે તેવું માને છે પણ એ વાસ્તવિકતા નથી. **મનની શાંતિનું કારણ એ કોઇ વ્યક્તિ કે વસ્તુ નથી પરંતુ મનુષ્યનું મન જ છે.**

એક મહાત્મા રામાયણની કથા કરવા માટે એક નગરમાં જતા હતા. એક ધોતી પહેરેલી અને ખંભા પર એક ખેસ. જંગલના વિસ્તારમાંથી પસાર થતા હતાં એ સમયે તેમણે માર્ગ પર એક કિંમતી ખેસ પડેલો જોયો. ખૂબ જ કિંમતી ખેસ જોઇને તેમને લોભ જાગ્યો અને તેમણે તે ખેસ પોતાની સાથે લઇ લીધો. મનમાં કથાનું ચિંતવન કરતા હતા. કથાના વિચારમાં મહાત્માને ખ્યાલ ન રહ્યો કે તેમને મળેલો કિંમતી ખેસ વૃક્ષની ડાળી સાથે અથડાઇને માર્ગમાં પડી ગયો. આગળ ગયા પછી થોડીવાર વિશ્રામ કરવા માટે એક વૃક્ષ નીચે બેઠા ત્યારે તેમને ખબર પડી કે મારો ખેસ તો ક્યાંક પડી ગયો. મહાત્માને ખૂબ દુઃખ થયુ. મન ઉદ્વિગ્ન બન્યું અને તે વિચારવા લાગ્યા કે ''કેટલો કિંમતી ખેસ હતો પણ જતો રહ્યો, હવે તે લેવા જઇશ તો કથા-સ્થળે સમયસર પહોંચાશે નહિ, હવે હું શું કરુ, ભગવાને મારી વસ્તુ જ લઇ લીધી'' આમ વિચારીને તે દુઃખી હૃદયે રુદન કરવા લાગ્યા. થોડા સમય પછી તે મહાત્માને પાછો વિચાર આવ્યો કે ''ખેસ મારો ક્યાં હતો, હું કારણ વિના દુઃખી થાઉં છું'' આવો વિચાર કરીને મહાત્મા સ્વસ્થ થયા અને મનમાં શાંતિનો અનુભવ થયો. મહાત્માના મનની શાંતિ અને અશાંતિનું કારણ તેમને મળેલો કિંમતી ખેસ નહિ પરંતુ તેમનું મન જ હતુ. આ દૃષ્ટાંત પરથી ખ્યાલ આવે છે કે મનની શાંતિ કે અશાંતિનું કારણ કોઇ વ્યક્તિ કે વસ્તુ નહિ પરંતુ માણસનું મન જ છે. જો મનને સાચી કેળવણી આપવામાં આવે તો મનમાં શાંતિનો અનુભવ થઇ શકે છે. માણસ જો મનને કેળવી જાણે તો તેને આજીવન શાંતિનો અનુભવ થાય અને એ મનને ઘણી રીતે કેળવી શકાય છે. તેના મુખ્ય પાંચ ઉપાયો છે.

ભગવાન મારા માટે જે કંઇ કરતા હશે તે સારું જ કરતા હશે - જીવન એક કસોટી છે. જેવી રીતે ભરતી અને ઓટ દરિયામાં આવ્યા જ કરે છે તેવી રીતે સુખ અને દુઃખ એ સંસારનો નિયમ છે અને એ સુખ-દુઃખની અનુભૂતિ મનને લીધે થાય છે. કોઇ વ્યક્તિ સદા સુખી નથી હોતો અને કોઇ પણ માણસ હંમેશા દુઃખી નથી હોતો. આ દુનિયામાં કોઇ એવો માણસ નથી કે જેના જીવનમાં આંતરિક કે બાહ્ય મુશ્કેલી ન આવી હોય. અરે સ્વયં ભગવાન પણ જ્યારે આ પૃથ્વી પર આવે છે ત્યારે તેમને પણ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પરંતુ મુશ્કેલીમાં દુઃખી થવાને બદલે જો સદ્‌વિચારથી મનને કેળવવામાં આવે તો દુઃખમાં પણ સુખનો અનુભવ કરી શકાય છે અને એ સદ્‌વિચાર એટલે **ભગવાન મારા માટે જે કંઇ કરતા હશે તે સારું જ કરતા હશે.** આ સદ્‌વિચારથી માણસ દુઃખમાં પણ શાંતિ અને આનંદનો અનુભવ કરી શકે છે.

હકારાત્મક વલણ - જનસમાજનો મોટો વર્ગ એવો છે જે નકારાત્મક વલણ ધરાવે છે. મોટા ભાગના લોકો એવું જ વિચારે છે કે આ સારુ નથી, આ કાર્ય સારુ ન થયુ પણ ઘણા ઓછા લોકો એવું વિચારે છે કે આ સારુ થયુ, આ સારુ છે. નકારાત્મક વલણ માણસને દુઃખી કરે છે. બીજાના દોષ જોઇને દુઃખી થવા કરતા ગુણ જોઇને આનંદિત થવું તે શ્રેષ્ઠ છે. આ દુનિયામાં દરેક વ્યક્તિ બીજા વ્યક્તિની સાપેક્ષમાં પોતાની જાતને સમજુ, બુદ્ધિશાળી અને શ્રેષ્ઠ માને છે પરિણામે તેને બહારની દુનિયામાંથી અને દુનિયાના લોકોમાંથી સારી વસ્તુ કે સારી બાબત દેખાતી જ નથી અને માણસ દુઃખી થઇને અશાંતિનો અનુભવ કરે

છે. માટે જો હકારાત્મક વૃત્તિ કેળવવામાં આવે તો માણસ હંમેશા શાંતિનો અનુભવ કરી શકે છે.

મારી પાસે જે છે તેનાથી મને સંતોષ છે અને તે દુનિયાની કોઇ વ્યક્તિ પાસે નથી - અનાદિ કાળથી આજ સુધી માણસ માત્રની એક ખામી એ રહી છે કે માણસની પાસે જે છે તેનો આનંદ તે માણી શકતો નથી અને જે નથી તે મેળવવા મુશ્કેલીઓ ઉભી કરે છે અને દુઃખી થાય છે. આ દુનિયામાં ખૂબ ઓછા લોકો હશે કે જેઓને પાતાની પાસે જે છે તેનાથી સંતોષ હોય. એવું કહેવાય છે કે **"સંતોષી નર સદા સુખી"** માણસના દુઃખનું કારણ અસંતોષ છે. માણસ પાસે જે છે તેનાથી તે આનંદ માણતા શીખી જાય તો તે ક્યારેય દુઃખી ન થાય અને સદા સુખનો અનુભવ કરી શકે છે.

દુનિયામાં જે કંઇ થાય છે તે મારા પ્રભુની ઈચ્છાથી જ થાય છે - ઘણી વખત માણસે કલ્પના પણ ન કરી હોય તેવું કાર્ય થઇ જાય કે ઘટના ઘટે છે. એક જ ઘટનાથી કેટલાક લોકો સુખી થાય છે અને એ જ ઘટનાથી કેટલાક લોકો દુઃખી થાય છે. મોટા ભાગના લોકો સારા પ્રસંગોને યાદ રાખવાને બદલે સમાજમાં ઘટતી અઘટિત દુર્ઘટનાઓને વધારે યાદ રાખતા હોય છે. અતિવૃષ્ટિ, ભૂકંપ, અનાવૃષ્ટિ કે સુનામી જેવી અઘટિત દુર્ઘટનાઓને માણસ રોકી શકતો નથી અને તેનો ભોગ બનીને દુઃખી થાય છે પરંતુ એ સમયે "આ દુનિયામાં જે કંઇ થાય છે તે મારા પ્રભુની ઈચ્છાથી જ થાય છે" તે સદ્‌વિચાર કેળવવામાં આવે તો એવા કઠિન કાળમાં પણ માણસ ધીરજ રાખી શાંતિનો અનુભવ કરી શકે.

સદા આનંદમાં રહો - સદા આનંદમાં રહેવુ એ જીવન જીવવાની એક કળા છે. કેટલાક લોકો તો મુક્ત કંઠે હસી પણ શકતા નથી. આપણો વાસ્તવિક સ્વભાવ આનંદમય છે પરંતુ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિને આધીન થઇને આપણે એ આનંદને વિસરી ગયા છીએ. જ્યારે કોઇ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ માણસને પોતાની વાસ્તવિક સ્થિતિમાંથી વિચલિત ન કરી શકે ત્યારે માણસ સદા આનંદની અનુભૂતિ કરી શકે છે.

મનની શાંતિના આ પાંચ ઉપાયો સાંભળવામાં કે વાંચવામાં જેટલા સરળ લાગે છે તેટલા પાળવામાં સરળ નથી. મુશ્કેલીના કે દુઃખના સમયે કોઇ સદ્‌વિચાર માણસને સુજતો નથી અને તેનું પાલન કરવું એ તો ઘણું કઠિન કામ છે છતા અશક્ય તો નથી જ. મનને કોઇ એક દિવસમાં કેળવી શકાતું નથી. જો માણસ ધારે તો ધીમે ધીમે મનને સાચી કેળવણી આપી આજીવન સુખ-શાંતિ અને આનંદની અનુભૂતિ કરી શકે છે. ■■■

સંસ્થા સમાચાર

'શ્રી જોગી સ્વામી છાત્રાલય' ઉદ્‌ઘાટન સમારોહ - ગુરુકુલના આદ્ય સંસ્થાપક અ.નિ. શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજીસ્વામી દ્વારા સંસ્થાપીત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદમાં પ.પૂ અખંડ ભગવત્‌ પરાયણ શ્રી જોગી સ્વામીના નામાવિધાન સાથે અદ્યતન અને ભવ્ય '' શ્રી જોગી સ્વામી છાત્રાલય' તૈયાર થયું. 'શ્રી જોગી સ્વામી છાત્રાલય' નો મંગલ ઉદ્‌ઘાટન સમારોહ તા. ૧૯ જુનના રોજ અખંડ ભગવત્‌ પરાયણ શ્રી જોગી સ્વામીના વરદ હસ્તે રાખવામાં આવેલ. ઉદ્‌ઘાટન પ્રસંગે પ. પૂ. જોગી સ્વામી છાત્રાલયમાં પધારતા બેંડ વાજા સાથે વિદ્યાર્થીઓએ સ્વામીજીનું સ્વાગત કર્યું હતું. દર્શનમ્‌ સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય શ્રી રામપ્રિયજી તથા ઋષિકુમારોએ વેદ-મંત્રના ગાન સાથે પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, પુરાણી શ્રી ભકિતપ્રકાશદાસજી સ્વામી, પુરાણી શ્રી શ્રીહરિદાસજીસ્વામી તથા હરિભકતોની ઉપસ્થિતિમાં પૂ.જોગી સ્વામીના વરદ હસ્તે નવ્ય ભવ્ય છાત્રાલયની ઉદ્‌ઘાટન વિધિ થઇ હતી. ઉદ્‌ઘાટન વિધિ બાદ યોજાયેલ સત્સંગ સભામાં પુરાણી શ્રી ભકિતપ્રકાશદાસજી સ્વામી, પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પુરાણી શ્રી શ્રીહરિદાસજીસ્વામીએ ઉપસ્થીત હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. આજ રોજ ડો. વિપુલભાઇ પટેલે અલ્પાહારના યજમાન તરીકે લાભ લીધો હતો.આશીર્વાદ પાઠવ્યા હતા. આજ રોજ ડો. વિપુલભાઇ પટેલે અલ્પાહારના યજમાન તરીકે લાભ લીધો હતો. અમદાવાદ ગુરુકુલમાં વર્ષોથી કોલેજના વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સંસ્કાર મેળવી રહ્યા છે. આ ઉપરાંત આ વર્ષથી પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પ. પૂ સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ અ.નિ.શાસ્ત્રીજી મહારાજના શુભ સંકલ્પ પ્રમાણે ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ પણ અભ્યાસમાં ને સંસ્કારમાં પછાત ન રહી જાય તેવા આશયથી શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદમાં (વર્ષના માત્ર ૩૬૫ રુપીયામાં) ધોરણ ૮ થી ૧૦ વિદ્યાર્થીઓને અભ્યાસની તથા રહેવામાં સુવિધા કરવામા આવી છે જેમા આ વર્ષે ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો છે.

રથયાત્રા - વર્ષાઋતુના પ્રારંભે ભગવાન શ્રી જગન્નાથજી પોતાના બહેન શ્રી સુભદ્રાજી અને મોટાભાઇ શ્રી બલદેવજી ભૈયા સાથે પોતાના ભકતોને દર્શન પૂજનનો લાભ આપવા નગરયાત્રામાં પધારતા હોય છે. સમગ્ર ભારતના વિવિધ શહેરોમાં અને વિશ્વમાં જ્યાં જ્યાં શ્રદ્ધાવાન ભારતિયો વસે છે ત્યાં ત્યાં આ પવિત્ર દેવસે ભગવાન જગન્નાથજીને રથમાં બિરાજમાન કરીને ભકતો આનંદ ઉત્સવ મનાવતા હોય છે. તે પરંપરા પ્રમાણે જગન્નાથપુરીની દિવ્ય રથયાત્રાનો અનુભવ કરાવતી અમદાવાદ પશ્ચિમ વિસ્તારમાં આવેલ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર દ્વારા ચતુર્થ રથયાત્રાનું આયોજન થયુ હતું. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, પુરાણી શ્રી ભકિતપ્રકાશદાસજી સ્વામી તથા પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામીના હસ્તે ભગવાન શ્રી જગન્નાથજી, સુભદ્રાબેન તેમજ શ્રી બલભદ્ર ભૈયાનું ષોડશોપચાર પૂજન અર્ચન થયું તથા અમદાવાદના મેયર શ્રી આશિતભાઇ વોરા , ભૂપેન્દ્રભાઇ ચુડાસમાએ પહિંદ વિધિ કરી રથને દોરડાથી ખેંચીને રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. માર્ગો પર દર્શનાર્થે હિલોડે ચડેલી માનવ મેદની જય રણછોડ માખણચોરના બુલંદ નારાઓથી વાતાવરણ ગુંજી રહ્યું હતું. સાથો સાથ કર્ણાટકથી પધારેલા કલાકારોના શરણાઇના સુરો, ઢોલના ઢ્રુબાંગ કરતા અવાજોની સાથે દર્શનમ્‌ સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિકુમારોના વેદગાનના ઘોષથી વાતાવરણ દિવ્ય બની ગયું હતું, ઠેર ઠેર બહેનો પુષ્પો અને અક્ષતથી ભગવાનને વધાવતા હતા. પ્રસાદ

રુપે ૧૫૦૦ કિલો કાકડી, ૯૦૦ કિલો જાંબુ, ૧૫૦૦ કિલો ફ્રુટ્સ, ૯૦૦ કિલો મગ, ૧૦૦૦ કિલો ચોકલેટ, ૯૦૦ કિલો મીઠાઇ વગેરે વહેંચવામાં આવેલ. રથયાત્રાના સમાપન પ્રસંગે પૂ.બાલકૃષ્ણદાસજી સ્વામીએ રથયાત્રાનો મહિમા સમજાવ્યો હતો તેમજ લંડન બિરાજતા શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ ટેલિફોનિક સંદેશો આપી રથયાત્રામાં સેવા કરેલ તમામને શુભાશીર્વાદ આપ્યા હતા.

શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ - લંડન - શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - કેન્ટન, હેરો મુકામે શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણનું આયોજન થયું હતું. આ પારાયણમાં પ.પૂ.સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ વ્યાસાસને બિરાજી સૌ ભાવિક ભક્તોને કથાનો અનોખો લાભ આપ્યો હતો. શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના મંગલાચરણના શ્લોકમાં છુપાયેલા સારનું રહસ્ય ઉદ્‌ઘાટીત કરતા પૂ. સ્વામીએ ભગવાન શ્રીહરિ, સદ્‌ગુરુ અને શાસ્ત્રનું મહત્ત્વ સમજાવ્યું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય જીવન ચરિત્રના મર્મને પૂ. સ્વામીએ વર્તમાન સમયના અનુસંધાને સમજાવતા કહ્યું હતું કે, સૂર્યથી જેમ બાહેરનો અંધકાર દૂર થાય છે એ જ રીતે પ્રગટ શ્રીહરિના ધ્યાન-ઉપાસનાથી તેમજ પવિત્ર સંતોના સત્સંગથી જ્ઞાનનો સૂરજ પ્રગટે છે. આ જ્ઞાન રૂપી સૂરજનો પ્રકાશ હૃદયના અંધકારને દૂર કરે છે. મનુષ્યના હૃદયમાં રહેલા કામ, ક્રોધ, ઈર્ષ્યા, અહંકાર દૂર ન થાય ત્યાં સુધી મનુષ્યને અંતરમાં શાંતિ મળતી નથી. આ કથામાં માનકુવા નિવાસી શ્રી વિરજીભાઈ, શ્રી ધનજીભાઈ, સંજય તથા પુનિત વગેરે આસાણી પરિવાર તેમજ શ્રી કાનજીભાઈ પાંચાણી પરિવારે પોતાના અ.નિ. વડિલો શ્રી દાદાશ્રી મુળજીભાઈ, દાદીમા પ્રેમબાઈ, પિતાશ્રી કરસનભાઈ, માતુશ્રી ધનબાઈ તથા અમરબાઈ પાંચાણી ની પવિત્ર સ્મૃતિમાં યજમાન તરીકે લાભ લીધો હતો. આ કથાની સફળતા માટે મંદિરના પ્રમુખ શ્રી વિશ્રામભાઈ, ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ, સેક્રેટરી શ્રી કાનજીભાઈ તથા અન્ય કાર્યકર્તાઓએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.લંડનના વિવિધ પ્રાંતો માંથી મોટી સંખ્યામાં ભક્તજનોએ ઉપસ્થિત રહીને કથા શ્રવણનો લાભ લીધો હતો.

રથયાત્રા તથા ગુરુપૂર્ણિમા સભા - લંડનમાં નિવાસ કરતા ગુરુકુલ પરિવારના સભ્યો દ્વારા રથયાત્રા તથા ગુરુપૂર્ણિમા નિમિત્તે પ.પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાનિધ્યમાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાના આરંભે સંતમહિમા તથા રથયાત્રાના નંદસંતો દ્વારા રચિત કીર્તનોનું ગાન થયું. ત્યાર બાદ પૂ. શ્રી રામસુખદાસજી સ્વામીએ પ્રારંભિક ઉદ્‌બોધન કર્યુ હતું. આ સભામાં રથયાત્રા અને ગુરુપૂર્ણિમાના અનુસંધાને પ.પૂ.સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ મંગલ ઉદ્‌બોધન કર્યુ હતું. સભામાં ઉપસ્થિત સૌ ભક્તજનોને પોતાના જીવનમાં સદ્‌ગુરુનો આશરો કરવાની ખાસ ભલામણ કરતા પૂ. સ્વામીએ પ.પૂ.સદ્‌ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીનું વિશેષ પૂજન કર્યું હતું. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ, પૂજ્યપાદ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા પ.પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના પૂજનનો લાભ લીધો હતો. નાઈરોબી સત્સંગ સમાજના અગ્રણી શ્રી રામજીભાઈ દેવજીભાઈ વેકરીયાએ પ.પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રસ્થાપીત ગુરુકુલની પ્રવૃત્તિને બીરદાવી હતી. આ પવિત્ર અવસરે સર્વે ભક્તજનોએ સદ્‌ગુરુ વંદના મહોત્સવના અનુસંધાને મંત્રલેખનના નિયમો લીધા હતા. આ સભાની તમામ વ્યવસ્થા ગુરુકુલ પરિવારના તમામ ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ઉપાડી લીધી હતી.

ગુરુપૂર્ણિમા મહોત્સવ - તા.૧૫ જુલાઈ ૨૦૧૧ ના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્, S.G.V.P છારોડી ખાતે ભવ્ય અને દિવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો. મહોત્સવના પ્રારંભે હસમુખભાઈ પાટડીયા તથા ગુરુકુલ ગાયકવૃંદ દ્વારા ગુરુભક્તિના પદોનું ગાન થયું. ગુરુપૂજનના પ્રારંભે પ. પૂ સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પ. પૂ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીએ શ્રીહરિ તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું વૈદિકવિધિથી પૂજન કર્યુ. ત્યારબાદ અખંડ ભગવદ્ પરાયણ પ. પૂ શ્રી જોગી સ્વામી સભામાં પધારતા સદ્‌ગુરુ સંતો તથા હરિભક્તોએ સ્વામીનું પૂજન-દર્શન કરી ધન્યતા અનુભવી. પ. પૂ સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ સદ્‌ગુરુનો મહિમા સમજાવતા પ. પૂ. જોગીસ્વામીના ૧૦૮ માં વર્ષે ઉજવાવનારા સદ્‌ગુરુ વંદના મહોત્સવ વિશે વાતો કરી. પ.પૂ જોગીસ્વામીના સાનિધ્યમાં રોહિત ભગત તથા ઘનશ્યામ ભગતના વાલીઓએ પોતાના સુપુત્રોને અર્પણ કર્યા. ત્યારબાદ ગુરુપૂજનમાં પધારેલા ભક્તો દ્વારા પ. પૂ સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પ. પૂ સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પ. પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરીદાસજી સ્વામી, પ.પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, પ.પૂ પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી વગેરે સંતોનું પૂજન થયું.

આ પાવન પ્રસંગે પ. પૂ પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીજીએ 'ગુરુ વિષ્ણુ છે' તે વિષય ઉપર મર્મભરી વાતો કરી, 'વંદુ સહજાનંદ' પદોનું મહાત્મ્ય સમજાવ્યું તથા તેના પાઠ કરવાની પ્રેરણા આપી. પ. પૂ સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ ગુરુપરંપરામાં મળેલો વારસો જળવાઈ રહે તે વિશે કેટલીક બળભરી વાતો કરી. આ ઉપરાંત સદ્‌ગુરુ સંતોએ સહુ હરિભક્તોને શુભાષિર્વાદ પાઠવ્યા હતા. મહોત્સવના અંતે શ્રી હરિની આરતીના દર્શન કરી ભોજનપ્રસાદ લઈ સહુ છુટાં પડ્યાં હતાં. ગુરુપૂર્ણિમા મહોત્સવના યજમાન તરીકે યુ.એસ.એ. નિવાસી અલ્પિત તથા મિતેશ મંગળભાઈ પટેલ, વિષ્ણુભાઈ આર. પટેલ અને શ્રી ભાનુભાઈ નાથાભાઈ પટેલે લ્હાવો લીધો હતો.

આ ઉપરાંત ગુરુપૂર્ણિમા મહોત્સવ નિમિત્તે તા.૧૫ ના રોજ સવારે 'દર્શનમ્' સંસ્કૃત મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું વાલી સમ્મેલન તથા તા.૧૬ ના રોજ સંતોના ગુરુજનોનું સમ્મેલન રાખવામાં આવ્યુ હતું, જેમા પ.પૂ સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ 'દર્શનમ્' નો ધ્યેય સ્પષ્ટ કરાવ્યો હતો તથા પાર્ષદ શામજી ભગત તેમજ પ્રધાનાચાર્ય શ્રી રામપ્રિયજીએ વિદ્યાર્થીઓના વિકાસને લગતી પ્રેરણાત્મક વાતો કરી હતી.

"SANSKARDIP"
R.N.I. 15104/68 Permitted to post at Ahd. PSO on 9th of every month.
Registered under Postal Reg. No. GAMC-1729/2010-2012 valid up to 31-12-2012 issued by SSP
Ahmedabad-9, Licenced to post without Prepayments No. CPMG/GJ/85/10-12/valid upto 31-12-2012

ગુરુપૂર્ણિમા મહોત્સવ પર્વે અખંડ ભગવત્ પરાયણ પ.પૂ. જોગીસ્વામીનું પૂજન કરતા સદ્‌ગુરુ સંતો.

ગુરુપૂર્ણિમા મહોત્સવ પર્વે સભા દર્શન.

શ્રી સ્વામિનારાયણ મંદિર-કેન્ટન, હેરો મુકામે યોજાયેલ કથા પ્રસંગે વ્યાસાસને વીરાજમાન પૂ. સ્વામીજી તથા યજમાન પરિવાર

લંડન ખાતે રથયાત્રા તથા ગુરુપૂર્ણિમા નિમિત્તે યોજાયેલ સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે નૂતન શ્રી જોગીસ્વામી છાત્રાલયનું ઉદ્‌ઘાટન કરતા અખંડ ભગવત્ પરાયણ પ. પૂ. શ્રી જોગીસ્વામી.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે રથયાત્રા પ્રસંગે ભગવાન શ્રી જગન્નાથની આરતી કરતા અખંડ ભગવત્ પરાયણ પ. પૂ. શ્રી જોગીસ્વામી.

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.